# નિવૃત્ત ન્યાયમૂર્તિ જે. એન. ભટ્ટનું નિધન : રાજ્યના કાયદાક્ષેત્રે ભારે શોક

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત રાજકીય આગેવાનોએ જસ્ટિશ ભટ્ટને ભાવભીની અંજલિ આપી : સેક્ટર-૮ સ્થિત નિવાસસ્થાને અધિકારીઓ અને અગ્રણીઓ અંજલિ આપવા મોટી સંખ્યામાં પહોંચ્યા**

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત માનવ અધિકાર આયોગના પૂર્વ અધ્યક્ષ અને બિહાર હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીશ જે.એન. ભટ્ટનું નિધન થતા કાયદાકીયઆલમમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ હતી. જસ્ટીશ ભટ્ટ ગુજરાત હાઈકોર્ટના વિવિધ પદો ઉપર નોંધનીય સેવા પ્રદાન કરી હતી. વિશેષ કરીને ગ્રાહક સુરક્ષા અને માનવ અધિકાર સંદર્ભે એમની સેવાઓ ગુજરાત હર હંમેશ યાદ રાખશે.



સેકટર-૮ સ્થિત સદગતના નિવાસસ્થાને વહેલી સવારથી ન્યાયમૂર્તિઓ, વકીલો અને સનદી અધિકારીઓ શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સદ્ગતને અંજલિ આપતા જણાવ્યું હતું કે દેશના કાયદાકીય ક્ષેત્રમાં સદગત ભટ્ટ સાહેબની ભારે ખોટ વર્તાશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પૂર્વ કાયદામંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત અનેક રાજકીય આગેવાનોએ સદગત સાથેના સંસ્મરણો સાથે ભાવભીની અંજલિ આપી હતી. સનદી અધિકારીઓ સર્વ પંકજ કુમાર, સી.એસ. વિશ્વાસ, ભાગ્યેશ જહા, પી.કે. લહેરી સહિત અનેક અધિકારીઓએ સદગતને ભાવભીની અંજલિ આપી હતી. આ ઉપરાંત ગાંધીનગરના જાહેર જીવનના આગેવાનો અને વિવિધ સંસ્થાના પદાધિકારીઓએ પણ સદગતના નિવાસસ્થાને પહોંચી અંજલિ આપી હતી.

ગુજરાતના જાહેર જીવન અને વહીવટીતંત્ર ક્ષેત્રે ખૂબ અગત્યનું પ્રદાન કરનાર સદ્ગત જે.એન. ભટ્ટને ગુજરાત હંમેશા યાદ રાખશે તેમને ચીંધેલા માર્ગે સિનિયર ધારાશાસ્ત્રીઓ અને ન્યાયાધીશો ચાલશે એવી લાગણી સૌમાં પ્રગટ થતી હતી.



સાંતેજ પોલીસ મથકની હદમાં આવેલા જાસપુર- ધાનોટ નર્મદા બ્રીજની બાજુમાં આવેલા એક ફાર્મ હાઉસમાં એલસીબી-૧ પોલીસે રેડ કરી વિદેશી દારુની બોટલ નંગ.૧૩૬ ઉપરાંત મોબાઈલ ફોન અને સ્કુટર સહિત રૂ.૧.૧૭લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



કોલવડા જય અંબે પરિવાર દ્વારા માતાજીના ગબ્બરના દર્શન માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જયારે પુનમના પવિત્ર દિવસે પર ગજાની ધજા અરૂણાબેન વ્યાસ તરફથી ચઢાવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ ગોહીલ, જય અંબે પરિવારના પ્રમુખ રાજેન્દ્રસિંહ વાઘેલા, વિક્રમસિંહ સોલંકી, દેવેન્દ્રભાઈ સુખડીયા, હંસાબેન રાઠોડ , મહેન્દ્રસિંહ વાઘેલા, રાજશ્રીબેન ગાંધી એ પણ દર્શનનો લાભ લીધો હતો.

# સેક્ટર ૭ એ વસાહત મંડળ દ્વારા જરૂરિયાત મંદોને પગરખાં વિતરણ



આ સખત ગરમીમાં સેક્ટર ૭એ વસાહત મંડળ તરફથી જરૂરિયાત મંદોને પગમાં પહેરવા માટેસ્લીપર નું વિતરણ કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અભિયાન હેઠળ સેક્ટર ૭ ની સરકારી પ્રાથમિક શાળા અને ઝુપડા વાસીઓ ને રૂબરૂમાં જઈને ૯૦ જોડ સ્લીપર પુરા પાડવામાં આવ્યા હતા.

આ સેવાકીય કામગીરીમા ભદ્રેશભાઈ શાહ , અતુલભાઈ અમીન , મહેશભાઈ પટેલ, યુગ ચાવડા ,મુકેશ ભાઈ ગોસ્વામી અને જશવંત ગાંધી જોડાયા હતા. કુસુમબેન જે ગાંધી આ સેવાકાર્ય માટે આર્થિક સહયોગ મહેન્દ્રભાઈ જે પટેલ, તરલા બેન ઉમેશ ચંદ્ર પંડ્યા સેકટર ૭ પ્રાથમિક શાળાના શિક્ષિકા બહેન તરફથી મળ્યો હતો તેમ અખબારી યાદીમાં જણાવાયું હતું



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ની ઉપસ્થિતિ માં આનંદ નો ગરબો યોજાયો હતો

# ચિલોડા પોલીસે છાલા ગામની સીમમાંથી રૂ.૩૦ લાખની વધુની કિંમતનો દારુનો જથ્થો ઝડપી પાડ્યો

ચિલોડા પોલીસ મથકના પીઆઈ એમ.જી.ચાવડા અને ટીમના જવાનો નાઈટ પેટ્રોલીંગમાં હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે છાલા ગામની સીમમાં મોતીપુરા તરફ જતા માર્ગ પર ખુલ્લી જગ્યામાં લખાની શુઝના પુઠાના ખોખા તેમજ રબ્બરની સીટોની આડમાં સંતાડી રાત્રીના અંધારાનો લાભ લઈ વિદેશી દારુની હેરાફેરી થઈ રહી હતી તે સમયે પોલીસ ત્રાટકી હતી.





પોલીસે રાત્રીના સમયે સ્થળ પરથી વિદેશી દારુની નાની મોટી બોટલ નંગ૮૬૪૦ તેમજ કિં.૩૦,૦૪,૮૦૦ અને ટ્રક કિં. ૧૦ લાખ સહિત સ્કોર્પિયો કાર કિં. ૫ લાખ ખાખી પુઠાના બોક્ષ સહિત મળી કુલ રૂ. ૪૫ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ડોમિસાઈલના આધારે પરપ્રાંતિયોને જાતિના પ્રમાણપત્રો આપવા માંગ

ગાંધીનગર, તા.૧૭

તાજેતરમાં પ્રતાપગઢના સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના ઓબીસી મોરચાના રાષ્ટ્રીય મહાસચિવ સંગમલાલ ગુપ્તા ગુજરાતના પ્રવાસે આવ્યાં હતા. ગાંધીનગરના ગત તા.૧૫મી એપ્રિલ શુક્રવારે અમદાવાદ ખાતે ગુજરાત પરપ્રાંતીય ઓબીસી-ઈબીસી અધિકાર મંચના હોદ્દેદારોએ તેમની મુલાકાત કરીને ગુજરાતમાં પરપ્રાંતિય નાગરિકોને ઓબીસી અને ઈબીસીના જાતિના પ્રમાણપત્રો મેળવવામાં પડી રહેલી મુશ્કેલી અને નડતી સમસ્યાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે ભાજપના ગુજરાત રાજ્ય ઓબીસી મોરચાના પ્રમુખ ઉદયભાઈ કાનગડ, મહામંત્રી મયંકભાઈ નાયક, ઉપાધ્યક્ષ નાજાભાઈ ઘાંઘર તથા ભાજપના ગુજરાત રાજ્ય અન્ય ભાષા સેલના કન્વીનર અતુલભાઈ મિશ્રાની હાજરીમાં ગુજરાત રાજ્ય પરપ્રાંતીય ઓબીસી-ઈબીસી અધિકાર મંચના પ્રમુખ તુલસીભાઈ માલી, ચુનીલાલજી પ્રજાપતિ, રમણભાઈ માલી, પ્રવક્તા પુખરાજ પ્રજાપતિ, કમલેશભાઈ સોની, સુરેન્દ્રસિંહજી ઠાકુર, રામઅહર યાદવજી, પિન્ટુભાઈ ચૌધરીએ સંયુક્તપણે જણાવ્યું કે ગુજરાતમાં ઓબીસી અને ઈબીસી પ્રમાણપત્ર મેળવવા માટે તા.૦૧-૦૪-૧૯૭૮ની "કટ ઓફ ડેટ" નક્કી કરવામાં આવી છે તેથી ઠરાવ ક્રમાંક સશપ/૧૪૯૩/૧૦૩૯/અ.તા. ૩૦-૦૬-૧૯૯૪ને તાત્કાલિક અસરથી રદ કરીને અથવા તેમાં સુધારો કરીને જે કોઈ સહપ્રાંતીય ગુજરાતમાં સતત ૧૦ વર્ષથી રહે છે, તેમને નિવાસના આધારે ડોમિસાઈલ સર્ટિફિકેટ મુજબ જાતિ પ્રમાણપત્ર આપવામાં આવે તે અંગે માંગ વ્યક્ત કરવામાં આવી હતી.

# ઝુંડાલ-અંબાપુર માર્ગ પર નર્મદા કેનાલની સફાઈ





ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા હાથ ધરાયેલ સ્વચ્છતા અભિયાનમાં આજે નર્મદા કેનાલની ઝુંડાલથી અડાલજ બ્રિજ સુધીનું સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ.

ઝુંડાલથી અંબાપુર જવાના નર્મદા કેનાલ બ્રીજ પાસેના વિસ્તારમાં સ્વચ્છતાની જનજાગૃતિ માટે આ અભિયાન યોજાયુ હતુ. આ અભિયાનમાં સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલ, તેજસભાઈ આચાર્ય, સંજયભાઈ વાણિયા, ભરતભાઈ ભરવાડ, પદ્મકાન્ત પટેલ, કૌશલ પટેલ, રવિન્દ્ર વાઘેલા, જીગર આરસોડિયા, ડાહ્યાભાઈ શ્રીમાળી સહિતના વોર્ડ નં. ૧૧ના કાર્યકરો જોડાયા હતા.

નર્મદા સફાઈ અભિયાન અંતર્ગત છેલ્લા બે સપ્તાહથી આ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. સ્વચ્છતા અભિયાન દરમ્યાન એક ટ્રેક્ટરથી પણ વધારે કચરો એકત્ર કરી અને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. ગત સપ્તાહે પણ આટલો જ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલે કહ્યુ હતુ કે સુજલામ સુફલામ અંતર્ગત કેનાલની સફાઈનું આયોજન છે. આ મુદ્દે લોકજાગૃત્તિ આવે કચરો કે ગંદકી કેનાલની આસપાસ ના થાય તે માટે આ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં પણ અભિયાન ચાલુ રહેશે તેમ તેમણે કહ્યુ હતુ.

## પરીક્ષા આપી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તા ૧૭ એપ્રિલના રોજ સવારે ૧૧ થી ૨ દરમિયાન પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સમગ્ર રાજયમાં ૬૭૭ કેન્દ્રો પર ૬૫૩૧ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પરીક્ષા દરમિયાન ધો -૮ ના ૧૮૦૫૨૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય શિષ્યવૃતિની આ પરીક્ષા અન્વયે ગુજરાતમાંથી ૫૦૯૭ વિદ્યાર્થીઓનો ક્વોટા નિયત કરાયો છે. જયારે આ પરીક્ષાના અંતે મેરિટમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને ધો - ૯ થી ૧૨ એમ ચાર વર્ષ સુધી પ્રતિમાસ ૧ હજાર સ્કોલરશીપ આપવામાં આવશે. નેશનલ મિન્સ કમ મેરિટ સ્કોલરશીપ નામે ઓળખ ધરાવતી આ પરીક્ષા દરમિયાન ગુજરાત રાજય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ પી એ જલુ જિલ્લા શિક્ષણાધિકારી ડો ભરત વઢેરે સહીતના અધિકારીઓએ સે-૭ ના પરીક્ષા કેન્દ્રની મુલાકાત પણ લીધી હતી. ગુજરાતમાં આ પરીક્ષા અન્વયે નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૯૫.૩૯ ટકા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

World Health Organization | Ministry of Ayush, Government of India | Azadi Ka Amrit Mahotsav



Catalysing Traditional Medicine with Modern Science

World's First and Only
WHO Global Centre for Traditional Medicine

Promoting Ayush Ecosystem

- The Centre at Jamnagar will give **a boost to India's reputation as a global leader** in innovation in traditional medicine
- Will promote **medical value travel** in Gujarat and India through traditional medicine
- Will provide **leadership on global health matters** related to traditional medicine
- Will create **opportunities for Ayush practitioners & experts** of Gujarat and India
- Will establish **Gujarat as the global hub** of traditional medicine
- Will **leverage technology and innovation** for creating new avenues for the youth

Groundbreaking Ceremony
by
Hon'ble Prime Minister Shri Narendra Modi
in the august presence of
Shri Pravind Jugnauth, Hon'ble Prime Minister of Mauritius | Dr. Tedros Adhanom Ghebreyesus, Hon'ble Director General of WHO

Tuesday 19 April 2022 | 3:30 PM - 5:00 PM | Jamnagar, Gujarat

Scan the QR code for more information
Watch live on WWW.AYUSH.GOV.IN
moayush | Ministry of Ayush | ministryofayush | Ministry of Ayush

DAVP 17201/13/0002/2223